SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807
એકેડેમિક વિભાગ

પરિપત્ર

**વિષયઃ અનુસ્નાતક કક્ષાના લો અભ્યાસક્રમ(LLB)માં પ્રવેશ બાબત...**

**સંદર્ભઃ (૧) તારીખઃ ૧૪/૧૦/૨૦૨૦ના નંબર.ડી/ઈ/૧૦/૨૭૪૩ ના પરિપત્ર બાબત...**

**(૨) Oral Order Dated: 18/12/2020 of Hon. High Court of Gujarat inrefernce to R/WRIT PETITION (PIL) No. 198 of 2020.**

આથી અનુસ્નાતક કક્ષાના લો અભ્યાસક્રમ(LLB) ચલાવતી ફક્ત ગ્રાન્ટ ઈન એઈડ કોલેજના આચાર્યશ્રીઓ તથા વિદ્યાર્થીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે યુનિવર્સિટી તારીખઃ ૨૩/૧૨/૨૦૨૦ની કાર્યાલય ઉપર મળેલ મંજુરી તથા તારીખઃ ૨૮/૧૨/૨૦૨૦ ના રોજ કા. ડીનશ્રી, લો વિદ્યાશાખાની અધ્યક્ષતામાં ગ્રાન્ટ ઈન એઈડ કોલેજના આચાર્યશ્રીઓની મળેલ સભામાં LLB અભ્યાસક્રમ ચલાવતી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા ભલામણ કરેલ છે. જે અનુસાર LLB ના પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| તા. ૩૦/૧૨/૨૦૨૦ થી તા. ૦૧/૦૧/૨૦૨૧ (પ્રથમ રાઉન્ડ) | જે વિદ્યાર્થીઓએ તા. ૧૪/૦૯/૨૦૨૦ થી તા. ૩૦/૦૯/૨૦૨૦ દરમ્યાન પ્રવેશ ફોર્મ ભરેલ છે. અને યુનિવર્સિટી દ્વારા જે વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પ્રવેશ ફાળવેલ છે. તેવા વિદ્યાર્થીઓએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.<br>૧. વિદ્યાર્થીઓએ અગાઉ પ્રવેશ કન્ફર્મ કરી મેમો જનરેટ કરેલ છે, તેમણે જે તે કોલેજ ખાતે તા. ૩૦/૧૨/૨૦૨૦ થી તા. ૦૧/૦૧/૨૦૨૧, ૫.૦૦ કલાક સુધી ફી ભરવાની રહેશે.<br>૨. જે વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરી મેમો જનરેટ કરવાનો બાકી છે. તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરી મેમો જનરેટ કરી તા. ૩૦/૧૨/૨૦૨૦ થી તા. ૦૧/૦૧/૨૦૨૧, ૫.૦૦ કલાક સુધી જે તે કોલેજમાં ખાતે ફી ભરવાની રહેશે.**(સમય મર્યાદા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે પ્રવેશનો હક રહેશે નહી)** |
| તા. ૦૨/૦૧/૨૦૨૧ | પ્રથમ રાઉન્ડ બાદ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ખાલી રહેતી સીટોની માહિતી (વેકેન્ટ સીટ મેટ્રીક્ષ) યુનિવર્સિટી વેબસાઈટ ઉપર બપોરે ૨.૦૦ વાગે મૂકવામાં આવશે. |
| તા. ૦૫/૦૧/૨૦૨૧ થી તા. ૦૬/૦૧/૨૦૨૧ (બીજો રાઉન્ડ) | ૧. જે વિદ્યાર્થીઓએ તા. ૧૪/૦૯/૨૦૨૦ થી તા. ૩૦/૦૯/૨૦૨૦ દરમ્યાન પ્રવેશ ફોર્મ ભરેલ છે. અને વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ ફાળવેલ છે, તેવા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા છે. તેવા વિદ્યાર્થીઓ જો ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પ્રવેશ મેળવવા માગતા હોય તો પ્રવેશ ફોર્મ તથા જરૂરી દસ્તાવેજો સહિત કોલેજનો સંપર્ક કરી ખાલી રહેતી જગ્યા પર પ્રવેશ મેળવવાનો રહેશે.<br>૨. જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરેલ છે તથા યુનિવર્સિટી દ્વારા પ્રવેશ ફાળવેલ નથી તેવા વિદ્યાર્થીઓ જો ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પ્રવેશ મેળવવા માગતા હોય તો પ્રવેશ ફોર્મ તથા જરૂરી દસ્તાવેજો સહિત કોલેજનો સંપર્ક કરી ખાલી રહેતી જગ્યા પર પ્રવેશ મેળવવાનો રહેશે.<br>૩. કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં કોલેજ દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિક્કા કરવાના રહેશે અને જે તે કોલેજે આવા વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મનું લીસ્ટ કોલેજના લેટર હેડ પર સહી સીક્કા સાથે એકેડેમીક વિભાગ રૂમ નં. ૧૧૭માં તારીખઃ ૦૬/૦૧/૨૦૨૧, સાંજના ૫.૦૦ કલાક સુધી મોકલવાના રહેશે. |

નોંધ :

૧. યુનિવર્સિટી દ્વારા કોઇ ઈસ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. જે વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ ફાળવેલ છે, તેવા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ જો ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પ્રવેશ મેળવવા માગતા હોય તો બીજા રાઉન્ડ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

નં. ડી/ઈ/૧૦/ ૪૦૨૫
તારીખઃ ૨૯/૧૨/૨૦૨૦
વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ

D:Mukesh/2020-21/pg/Paripatra